GJVD040013832023

**રેગ્યુલર સમરી સ્યુટ નંબર :૫૦/૨૦૨૩**

**આંક : ૦૭ લગત હુકમ**

(૧) વાદી ધ્વારા આ દાવો સી.પી.સી. ઓર્ડર –૩૭ ની જોગવાઈ મુજબ દાખલ કરવામાં આવેલ છે. આ અરજીમાં વાદી તરફથી એવી હકીકત જણાવવામાં આવેલ છે કે, આ કામના પ્રતિવાદીને તારીખ ૨૩.૦૫.૨૦૨૩ ના રોજ દાવાના સમન્સની બજવણી કરવામાં આવેલ છે અને ત્યારબાદ દિન–૧૦ માં પ્રતિવાદી તરફથી કોઈ સમન્સ ફોર એપીયરન્સ રજુ કરવામાં આવેલ ન હોય પ્રતિવાદી વિરૂધ્ધ હુકમનામું કરવા માટે જણાવવામાં આવેલુ છે.

(૨) આ દાવાનું રેકર્ડ ધ્યાને લેતાં એ હકીકત સ્પષ્ટ થાય છે કે,આ કામે માર્ક ૩/૧ થી પ્રતિવાદીએ વાદી બેંકમાં ડેરી લોન મેળવવા કરેલ અરજી, માર્ક ૩/૨ થી લેટર ઓફ એરેંજમેન્ટ, માર્ક ૩/૩ થી એગ્રીમેન્ટ ઓફ લોન – કમ હાઈપોથીકેશન તથા માર્ક ૩/૪ થી અરજદારનું એકરારનામું અને માર્ક ૩/૫ થી સમંતિ પત્રક માર્ક ૩/૬ થી દુધ ઉત્પાદક મંડળીએ આપેલ દાખલો, માર્ક ૩/૭ થી કમીશન પાલક પશુ વેચનારનું બીલ/ કોટેશન તથા માર્ક ૩/૮ થી ગામ નમુના નં. ૭ –૧૨, ૮–અ ના ઉતારાની નકલ વિગેરે રજુ કરેલ છે. જે વંચાણે લેતાં આ કામના પ્રતિવાદી ધ્વારા લોન લેવામાં આવેલ હતી અને દાવા અરજી પ્રમાણે રૂપીયા ૨,૬૫,૧૦૭/– વ્યાજ સહીત લોનની ચુકવણી બાકી હોવાનું સ્પષ્ટ જણાય છે. વધુમાં આ કામના પ્રતિવાદીને તા. ૬.૦૫.૨૦૨૩ ના રોજ સમન્સ કાઢ વામાં આવેલ હતો જે તેઓને તા.૨૩.૦૫.૨૦૨૩ ના રોજ બજી ગયેલ છે અને તે મુદૃત તારીખ ૦૫.૦૬.૨૦૨૩ ના રોજનો હતો, આ સમન્સ આંક–૦૬ થી રેકર્ડ ઉપર સામેલ રાખવામાં આવેલો છે. દાવાનું રોજકામ ધ્યાને લેતાં એ હકીકત સ્પષ્ટ થાય છે કે, આ કામના પ્રતિવાદી અત્રેની કોર્ટમાં જાતે કે તેમના વકીલ મારફતે હાજર રહેલ નથી.

(૩) સી.પી.સી. ના ઓર્ડર –૩૭ ના રુલ– ૨ (૩) ની જોગવાઈ નીચે મુજબની છે.

The defendant shall not defend the suit referred to in sub- rule (1) unless he enters an appearance and in default of his entering an appearance the allegations in the plaint shall be deemed to the admitted and the plaintiff shall entitled to a decree for any sum,not exceeding the sum mentioned in the summons, together with interest at the rate specified, if any, up to the date of the decree and such sum for costs as may be determinrd by the Hige Court from time by rules made in that behalf and such decree may be executed fortheith.

(૪) આ કામે લેટર ઓફ એરેંજમેન્ટ જે વાદી તરફે રજુ કરવામાં આવેલ છે તે ધ્યાને લીધો. આ દસ્તાવેજ લોન સેકંશન કરવામાં આવેલ હોય તે પ્રકારનો છે અને તે ધ્યાને લેવામાં આવે તો તેમાં વ્યાજની કોઈ ટકાવારી જણાવેલ નથી અને આમ, સી.પી.સી. કલમ: ૩૪ મુજબ ૬% સાદું વ્યાજ પ્રતિવાદી ચુકવી આપે તે વ્યાજબી તથા ન્યાયીક જણાય છે. ઉપરોકત હકીકતોને આધારે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– :: હુ ક મ ::–**

(૧) વાદીનો દાવો સી.પી.સી. ઓર્ડર ૩૭ રુલ ૨(૩) મુજબ મંજુર કરવામાં આવે છે.

(૨) વાદી આ કામના પ્રતિવાદી પાસેથી રૂા. ૨,૬૫,૧૦૭/– મેળવવા હકકદાર થાય છે. ઉપરોકત રકમ ઉપર દાવો દાખલ કર્યાની તારીખથી રકમ વસુલ થતા સુધી ૬% સાદુ વ્યાજ મેળવવા વાદી હકકદાર થાય છે.

(૩) દાવાનો ખર્ચ પ્રતિવાદીએ ભોગવવો.

(૪) હુકમ મુજબ હુકમનામું કરવુ.

આ હુકમ આજરોજ તારીખ ૧લી, માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૦૧/૦૯/૨૦૨૩
સ્થળ : પાદરા.

**(એસ.આર. બટેરીવાલા)**
એડીશનલ સીની. સીવીલ જજ,પાદરા.
કોડ નં.જી.જે.૦૧૦૬૧